# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 17-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : ગુરુવાર

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, ભારત અને મલાવી સુમેળભર્યા તથા મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભાષા, સાહિત્ય,કળા અને આધ્યાત્મિકતા જેવા સાંસ્કૃતિક સ્તંભો રાષ્ટ્રની ઓળખ બનાવે છે.

3) ભારતે કેનેડાના આક્ષેપો ફગાવ્યાઃ આતંકવાદીઓનાં પ્રત્યાર્પણની વિનંતીઓ પર પગલાં લેવાની માંગણી કરી

4) ટ્રેનમાં અગાઉથી થતા રિઝર્વેશન માટેની સમયમર્યાદા હાલનાં 120 દિવસથી ઘટાડીને 60 દિવસ કરવામાં આવી

5) સરકારે તહેવારોને ધ્યાનમાં રાખીને ડુંગળીનાં ભાવને કાબુમાં લેવા માટે ‘કાંદા ફાસ્ટ ટ્રેન’ શરૂ કરી

6) બેંગલુરુ ટેસ્ટમાં બીજા દિવસે ભારતની ઇનિંગ માત્ર 46 રનમાં સમેટાઇઃ ન્યૂઝીલેન્ડ ત્રણ વિકેટનાં ભોગે 180 રન સાથે રમતમાં

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PRESIDENT VISIT MALAWI**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, ભારત અને મલાવી સુમેળભર્યા અને મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે. આજે સાંજે મલાવીના લિલોંગવેમાં ભારત-મલાવી વેપાર સંમેલનને સંબોધતા રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું કે, 1964માં સ્વતંત્રતા મળ્યા બાદ મલાવી સાથે રાજદ્વારી સંબંધો સ્થાપનારા પ્રારંભિક દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. ભારત હાલમાં મલાવીને ચોથો મોટો વ્યાપાર ભાગીદાર છે અને ભારત પણ મલાવીમાં સૌથી વધુ રોકાણ કરનારા દેશોમાંનો એક છે. રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત અને મલાવી સાથે મળીને અનેક ક્ષેત્રોમાં સહયોગ સાધી શકે છે.

અગાઉ રાષ્ટ્રપતિ ત્રણ આફ્રિકન દેશોની એક સપ્તાહની યાત્રાના અંતિમ તબક્કામાં મલાવી પહોંચ્યા હતા. ભારતના કોઈ રાષ્ટ્રપતિની મલાવીની આ પ્રથમ મુલાકાત છે. તેઓ મલાવીના ટોચના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે અને ત્યાં રહેતા ભારતીય મુળનાં લોકો સાથે સંવાદ કરશે.

## PM DHAMM DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભાષા, સાહિત્ય, કળા અને આધ્યાત્મિકતા જેવા સાંસ્કૃતિક સ્તંભો રાષ્ટ્રની ઓળખ બનાવે છે. તેમણે કહ્યું, જ્યારે દેશ વિકાસનાં માર્ગે આગળ વધી રહ્યો છે, ત્યારે તેનાં મૂળ સ્વમાન, આત્મવિશ્વાસ અને આત્મગૌરવમાં છે.

નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય અભિધમ્મ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રીએ ભગવાન બુદ્ધના ઉપદેશો અંગે આ મુજબ જણાવ્યુંઃ

(Modi Byte-Dhamm Divas)

શ્રી મોદીએ કહ્યું, ‘ભારતે અમૃતકાળ તરીકે ઓળખાતી પરિવર્તન યાત્રા શરૂ કરી છે, જે વર્ષ 2047માં પૂર્ણ થશે. આ સમયગાળો વિકસિત ભારતના ઉદભવનો

સાક્ષી બનશે. ભગવાન બુદ્ધના જ્ઞાન દ્વારા સંચાલિત દેશનાં વિકાસની રૂપરેખા અભૂતપૂર્વ અને સકારાત્મક ફેરફારો લાવશે. ભગવાન બુદ્ધના ઉપદેશોને અનુસરીને દેશ વિકાસનો નવો માર્ગ અપનાવી રહ્યો છે.'

અભિધમ્મ દિવસના પાવન પ્રસંગે પ્રધાનમંત્રીએ ભગવાન બુધ્ધનાં અનુયાયીઓ સહિત તમામ લોકોને શુભેચ્છા પાઠવી હતી.

## HARYANA- CM OATH

ભારતીય જનતા પાર્ટીના નેતા નાયબસિંહ સૈનીએ આજે હરિયાણાના મુખ્યમંત્રી પદે બીજી વાર શપથગ્રહણ કર્યા. શાલીમાર ગ્રાઉન્ડ ખાતે આયોજિત સમારોહમાં રાજ્યપાલ બંદારુ દત્તાત્રયે શ્રી સૈનીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં પદ અને ગુપ્તતાનાં શપથ લેવડાવ્યા હતા. તેમની સાથે 13 ધારાસભ્યોએ કેબિનેટ અને રાજ્યકક્ષાનાં મંત્રી તરીકે શપથ લીધા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીઓ રાજથનાસિંહ, અમિત શાહ, નિતીન ગડકરી ઉપરાંત ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ભાજપ શાસિત અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## NDA CMs CONCLAVE

ચંદીગઢમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન- NDA ના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓનું સંમેલન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળ યોજાયું હતું.. બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જેપી નડ્ડા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ગૃહ મંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ હાલમાં 13 મુખ્યમંત્રીઓ અને 16 નાયબ મુખ્યમંત્રીઓ ધરાવે છે, જ્યારે મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, બિહાર, સિક્કીમ, નાગાલેન્ડ અને મેઘાલયના મુખ્યમંત્રીઓ સાથી પક્ષોમાંથી છે.

## CANADA RANDHIR JAYSWAL

ભારતે કેનેડાની સરકારે કરેલા આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, કેનેડામાં અનેક ત્રાસવાદીઓનાં પ્રત્યાર્પણ અને કામચલાઉ ધરપકડ માટે ભારતની 26 વિનંતિઓ અને હજુ પણ કેનેડા સરકાર સમક્ષ અનિર્ણિત છે. આ ત્રાસવાદીઓમાં ગુરજીત સિંઘ, ગુરપ્રિત સિંઘ, અર્શદીપ સિંઘ ગિલ અને લખબીર સિંહનો  સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે, ભારતે લોરેન્સ બિશ્નોઇ સહિતની ગેંગના સભ્યો અંગે કેનેડાની સરકાર પાસેથી સલામતી સંબધિત માહિતી માંગી હતી અને કેનેડાને તેમની ધરપકડ કરીને કાયદા પ્રમાણે પગલાં લેવા માંગણી કરી હતી, પણ અત્યાર સુધી કેનેડા સરકારે કોઈ પગલું લીધું નથી, જે ગંભીર બાબત છે.

વધુમાં આ મુજબ જણાવ્યુઃ

(Byte Randhir Jayswal)

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## RAILWAY – RESERVATION

ટ્રેનમાં અગાઉથી થતા રિઝર્વેશન માટેની સમયમર્યાદા હાલનાં 120 દિવસથી ઘટાડીને 60 દિવસ કરવામાં આવી છે. એક પરિપત્રમાં રેલવેએ જણાવ્યું છે કે, નવો નિયમ 1 નવેમ્બરથી અમલી બનશે.  જોકે, 31 ઓક્ટોબર સુધી કરવામાં આવેલાં તમામ બુકિંગ યથાવત રહેશે. મંત્રાલયે જણાવ્યું છે કે, વિદેશી પર્યટકો માટે 365 દિવસની મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## KANDA SPECIAL TRAIN

તહેવારોને ધ્યાનમાં રાખીને ડુંગળીનાં ભાવને કાબુમાં લેવા માટે સરકારે આજે કાંદા ફાસ્ટ ટ્રેન શરૂ કરી છે. મહારાષ્ટ્રનાં નાસિકથી આ ટ્રેન 1600 મેટ્રિક ટન ડુંગળી સાથે રવાના થઈ છે, જે રવિવારે દિલ્હી પહોંચશે. ભાવ ઘટાડવા માટે જથ્થાબંધ ડુંગળીનાં પરિવહન માટે સરકારની આ અનોખી પહેલ છે. અમારા દિલ્હીનાં પ્રતિનિધિ જણાવે છે કે, કાંદા ટ્રેનમાં 53 ટ્રકમાં સમાય તેટલી ડુંગળી છે, જે દિલ્હી-એનસીઆરનાં જથ્થાબંધ બજારોમાં વિતરીત કરવામાં આવશે. ગ્રાહક બાબતોના સચિવ નિધી ખરેએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં લખનઉ, વારાણસી અને ઉત્તર-પૂર્વ ભારતનાં વિવિધ ભાગોમાં પણ કાંદા ફાસ્ટ ટ્રેન મોકલવામાં આવશે. સરકાર ડુંગળીનાં છૂટક વેચાણ માટે રિટેલ ચેઇન, ઇ-કોમર્સ પ્લેટફોર્મ અને કેન્દ્રિય ભંડાર સાથે પણ ચર્ચા કરી રહી છે. રાહતદરે ડુંગળી વેચવા વધારાની મોબાઈલ વાન પણ શરૂ કરવામાં આવશે.

મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી પુરવઠો વધવાને કારણે આગામી દિવસોમાં ટામેટાનાં ભાવમાં પણ ઘટાડો થશે.

## INDIA NEW ZEALND CRICKET

બેંગલુરુનાં એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી ત્રણ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટનાં બીજા દિવસે ન્યૂઝીલેન્ડે ભારત સામે ત્રણ વિકેટનાં ભોગે 180 રન કર્યા છે. રચિન રવિન્દ્ર અને ડેરિલ મિચેલ રમતના અંતે અણનમ રહ્યા છે. ડેવોન કોનવેએ 91 રન કર્યા હતા. આ સાથે ન્યૂઝીલેન્ડ યજમાન ભારત સામે 134 રનની સરસાઈ ધરાવે છે. અગાઉ, ભારતીય ટીમ પ્રથમ ઇનિંગમાં માત્ર 46 રનમાં ઓલ આઉટ થઈ હતી. ટેસ્ટમાં ભારતનો આ ત્રીજો સૌથી ઓછો અને ઘર આંગણે સૌથી ઓછો સ્કોર હતો. ભારત વતી રિષભ પંતે સૌથી વધુ 20 રન કર્યા હતા. યશસ્વી જયસ્વાલે 13 રન કર્યા હતા, જ્યારે પાંચ ખેલાડીઓ ખાતું ખોલાવી શક્યા નહતા.

## BADMINTON-DENMARK OPEN

બેડમિન્ટનમાં,ભારતીય સ્ટાર શટલર અને બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ આજે ડેનમાર્ક ઓપનમાં મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે.સિંધુએ મહિલા સિંગલ્સના **16**માં રાઉન્ડમાં નની હાન યુને **18-21, 21-12** અને **21-16**થી હરાવી હતી. તો અન્ય તમામ ભારતીય શટલરનો તેમના પ્રથમ રાઉન્ડમાં જ પરાજય થયો હતો.ઉલ્લેખનીય છે કે, ટુર્નામેન્ટની સ્ટાર ભારતીય શટલર પડકારજનક સિઝન બાદ ટાઇટલ જીતવાનું લક્ષ્ય ધરાવે છે

## IMD - RAINFALL

હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ માટે કેરળ, કર્ણાટક, માહે અને લક્ષદ્વિપમાં ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે. આ ઉપરાંત, તામિલનાડુ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, પુડુચેરી, તટીય આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, એક સપ્તાહ સુધી ઉત્તર-પશ્ચિમ, પૂર્વ, મધ્ય અને ઉત્તર-પૂર્વ ભારતમાં નોંધપાત્ર વરસાદ નહીં પડે.

## BANGLADESH-PM

બાંગ્લાદેશમાં ત્રણ સભ્યોની ટ્રિબ્યુનલે ભૂતપુર્વ પ્રધાનમંત્રી શેખ હસીના અને અવામી લીગના ટોચનાં નેતાઓ સહિત 45 લોકો વિરુધ્ધ ધરપકડ વોરન્ટ જારી કર્યું છે. આ વર્ષનાં જુલાઇ-ઓગસ્ટમાં સામૂહિક દેખાવો દરમિયાન માનવતા વિરુધ્ધ કથિક ગુનાઓનાં સંદર્ભમાં આ પગલું લેવામાં આવ્યું છે.

ટ્રિબ્યુનલના ચીફ પ્રોસિક્યુટર એડવોકેટ મોહમ્મદ તાજુલ ઇસ્લામે ગુરૂવારે જણાવ્યું કે, ટ્રિબ્યુલને શેખ હસીના સહિતનાં નેતાઓને 18 નવેમ્બર સુધીમાં ધરપકડ કરીને તેમની સમક્ષ હાજર કરવા આદેશ આપ્યો છે.